# મે. વાંકાનેરના એડી. જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ ની કોર્ટમાં, મું. વાંકાનેર

ક્રિ.કેસ નં. ૧૪૧૩/૨૦૨૩
આંકઃ–

**ફરિયાદી** :– શ્રી સરકાર.

<u>**વિરૂઘ્ધ**</u>

**આરોપી** :– મનસુખભાઈ દેવાભાઈ ધામેચા

**<u>ગુનોઃ–ઈ.પી.કો.ની કલમ–૨૭૯ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ.</u>**

<u>**–// ઠ રા વ //–**</u>

૧. આ કામે આરોપીએ ઈ.પી.કો. કલમ–૨૭૯ તથા એમ.વી. એકટ કલમ– ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ છે તેવી ફરિયાદ ફરિયાદીએ વાંકાનેર પો.સ્ટે.મા નોંધાવતા, આરોપી વિરુઘ્ધ ગુન્હો નોંધી તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા આ કામે ચાર્જશીટ રજુ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીએ આજરોજ નામ.કોર્ટ રૂબરૂ હાજર થઈ પોતાનો ગુનો સ્વૈચ્છીક રીતે પુરસીસ રજુ કરી કબુલ કરેલો છે અને વધુમાં જણાવેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે. તેઓ ગરીબ વર્ગના અને કુટુંબકબીલાવાળા માણસ છે. જેથી દયા રાખવા માંગણી કરેલ છે.

૩. આમ આરોપીની સ્વૈચ્છીક કબુલાત પુરસીસ તેમજ તેમની સ્થીતી વિગેરે ઘ્યાને લેતાં, આરોપીને સખ્ત સજા નહી કરતાં હળવી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમ જણાતા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>**–// હુ ક મ //–**</u>

૧. આ કામના આરોપી મનસુખભાઈ દેવાભાઈ ધામેચા ને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો.ની કલમ– ૨૭૯ તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનામાં દોષીત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને ઈ.પી.કો.ની કલમ–૨૭૯ના ગુનામાં રૂા. ૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ, જો દંડ ન ભરે તો વધુ દિન–૭ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨.　ધી એમ.વી.એકટની કલમ–૧૭૭ અને ૧૮૪ ના ગુનામાં અલગ દંડ કરવામાં આવતો નથી.

હુકમ આજ રોજ સ્પે. સીટીંગમાં તારીખ ૯ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

વાંકાનેર
તારીખ :–૦૯/૦૯/૨૦૨૩
સ્પે. સીટીંગ લોક અદાલત

**( એસ.કે.પટેલ)**
એડી. જયુડી. મેજી.ફ. ક.
વાંકાનેર.
GJ 01326